

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

પક્ષ કે શિસ્ત જેવું રહ્યું નથી સત્તાની ભૂખ છે,
સિદ્ધાંત-મૂલ્યો જેવું રહ્યું નથી એ મોટું દુઃખ છે,
રૂખ છે સ્વાર્થનો, એકમેકની કૂખે, પોષે સુખ -
'સરમુખત્યારી' એ રાષ્ટ્રના પતનનું મુખ છે...

હાઈકુ

અટક્યું ગળે -
કાશ્મીરી છછૂંદર,
મુફતી મુંઝાયાં...
(મહેબૂબા દ્વિધામાં)

શનિદેવને
નડી માણસ 'જાતિ'
દર્શન-પીડા...
('શનિ'થી દૂરી સારી!)

### ચિંતન

**યસ્યા અર્થાસ્તસ્ય મિત્રાણિ યસ્યા અર્થા સ્તસ્ય બાંધવાઃ ।**
**યસ્યા અર્થાઃ સ પુમાલ્લો કે યસ્યાર્થોઃ સઃ ચ જીવતિ ॥**

'સંસારમાં જેના પાસે ધન છે તેના બધા જ મિત્રો છે, તેના બધાં જ સગાં-સ્નેહી-બાંધવો અને પરિવાર પણ થઈ જાય છે. ધનવાન વ્યક્તિને જ શ્રેષ્ઠ માનવામાં આવે છે; અને તેને આદર પણ આપવામાં આવે છે. ધન અને ધનિક એવાં છે જેને બધાં જ પૂજે છે. ધન અને ધનિક એવાં સંબંધી-પરિવાર બનાવવા ઈચ્છે છે.'

ચાણક્યનીતિ પણ ધનના પ્રભાવનો સ્વીકાર કરે છે આ સંસાર-વ્યક્તિના સંસ્કાર-સદ્‌ગુણ-સ્વભાવને મહ્‌ત્વ નથી આપતો પણ માત્રને માત્ર 'ધન'ને જ મહત્ત્વ આપે છે. આથી રાજકારણમાં - ખોટાં ધનવાનો પ્રધાનનેતા થઈ બેસી જાય છે. ધનવાનો જ સમાજમાં મોટાં અને મોભાના સ્થાન પર બેસી જાય છે નથી એમને બોલવાનું ભાન કે નથી વિનય-વિવેક.

પૈસાથી સ્નેહી-મિત્રો-સુખ સગવડ અને 'બધુ' જ મળે છે. આથી લોકો 'સત્ય'ને નહીં 'ધન'ને જ 'સત્ય' સમજે છે.

### સુવિચાર

- પુરુષો માટે ઊંચો બુદ્ધિઆંક લગ્નના બજારમાં મહામૂડી સમાન છે, જયારે સ્ત્રીઓ માટે ઊંચો બુદ્ધિઆંક લગ્ન કરવામાં આડે આવે છે - **કાંતિ ભટ્ટ**
- પરાજય અને નિષ્ફળતાઓમાંથી જ શીખે છે તે શાણો - **સંત પુનિત**
- વ્રતના વાર સહેવા કરતાં વહેવારમાં રહેતા શીખવું - **શાહબુદ્દિન રાઠોડ**
- આત્મ સંયમ પુરુષત્વ એ ચારિત્ર્યનો અર્ક છે - **પૂજ્ય મોટા**
- 'સત્ય'તો રત્ન છે, એના પર રંગ ચડાવવાની જરુર નથી પણ એને એવી રીતે જડીને પ્રકાશમાં મૂકવું જોઈએ કે તે ઉત્તમ લાગે - **અખંડ આનંદ**
- ઘરને સ્વર્ગ બનાવવા માટે હૃદયને નિર્મળ, વાણીને મધુર અને આચરણને પરિશુદ્ધ બનાવો - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : મીઠા લીમડાના પાનને સૂકવી પાઉડર કરી માથામાં પેસ્ટ લગાવવાથી વાળ કંડીશનર તરીકે કામ આપે છે.

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આજકાલ મંદિરોમાં પ્રવેશ માટે શ્રેષ્ઠી-ધનવાન-સત્તાધીશો માટે ખાસ પાછલા બારણાની વ્યવસ્થા હોય છે. પંડા-ટિકીટો તો સર્વસ્વીકૃત થઈ ગયા છે. કથા-વ્યાખ્યાનમાં એમને માટે 'સોફા' સીટ હોય છે. સાધુ-સંતો પણ કથા-વ્યાખ્યાન વચ્ચે તેમને વંદન કરી સ્વાગત કરે છે...

આનંદ મુનિનું વ્યાખ્યાન હતું. શહેરના મોટા ઉદ્યોગપતિ એ સંદેશો મોકલ્યો મને આવતાં પંદર-વીસ મિનિટ મોડું થશે. એટલે ભજન-ધૂનમાં સમય કાઢજો. વ્યાખ્યાન શરુ કરતા નહીં.

શ્રી આનંદ મુનિએ વ્યાખ્યાન શરુ કરી દીધું. શેઠ અર્ધો કલાકમોડા આવ્યા. ગુસ્સો દબાવી બેઠક પર બેઠા. વ્યાખ્યાન પુરું થયું કે તરત ધૂંઆપૂંઆ થતા મુનિશ્વર પાસે જઈ - ઠપકાની ભાષામાં પોતાનો રોષ વ્યકત કર્યો. અને છેલ્લે કહ્યું, આ બધી જ જાહોજલાલી - બધું મારા દાનને કારણે જ તમે ભોગવો છો એટલું તો યાદ રાખવું હતું!

મુનિશ્રી કહે - શેઠ મારે માટે બધા શ્રોતા સરખા. તમે હવેથી દાન ન આપતા અને આપેલું પાછું લેવાય તેમ હોય તો પાછું લઈ લેજો! તમારે પણ બધા નિયમોનું પાલન તો કરવું જ પડે!!

## નવા સૂત્રધારની શોધ : અવનવાં સમીકરણો

### તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત એકમના નવા સૂત્રધારની શોધ ચાલી રહી છે પરંતુ હજી સુધી કોઈ નિર્ણય લઈ શકાયો નથી, તે સૂચક છે. નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન સંગઠનમાં કોણ છે કે નથી - તે બાબત ગૌણ બની ગઈ હતી કારણ કે તમામ ઉર્જાનું સ્રોત મુખ્યમંત્રી બની રહ્યા હતા. લગભગ આવી જ સ્થિતિ એમના પૂર્વસૂરિ કેશુભાઈ પટેલના કાર્યકાળમાં પ્રવર્તતી રહી હતી. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે સમયાંતરે શંકરસિંહ વાઘેલા, ડૉ. એ.કે. પટેલ કે કાશીરામ રાણા અને વજુભાઈ વાળા જેવા પ્રભાવશાળી પ્રાદેશિક નેતાઓ જરુર આવતા રહ્યા પણ પાર્ટીના સર્વમાન્ય નેતા તરીકે કેશુભાઈ પટેલ સાથે કોઈ હરિફાઈ નહોતી. એક તબક્કે શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ કેશુભાઈ પટેલના નેતૃત્વ સામે પડકાર ઊભો થયો અને કેશુભાઈની સરકાર પણ ગઈ, છતાં પાર્ટીમાં કેશુભાઈ પટેલનું વર્ચસ્વ અકબંધ રહેવા પામ્યું હતું.

આજે નરેન્દ્ર મોદી પાર્ટીના સર્વોચ્ચ નેતા પદે બિરાજે છે એટલે પ્રદેશ પ્રમુખ કે રાષ્ટ્રીય પ્રમુખ માત્ર એમનાં મહોરાંથી વિશેષ કંઈ જ નથી, છતાં આગામી વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવતી હોઈ નબળા પડેલાં સંગઠનમાં પ્રાણવાયુ પૂરે એવા ડાઈનેમિક પ્રદેશ સુકાનીની જરુર વરતાઈ રહી છે. આર.સી. ફળદુ પ્રદેશ પ્રમુખ તરીકે બે સત્ર ભોગવી ચૂક્યા છે અને એમના પહેલાં એ સ્થાન શોભાવનાર સૌરાષ્ટ્રના પાટીદાર નેતા પુરુષોત્તમ રૂપાલા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષપદે કાર્યરત છે. સંગઠનને સતત તલવારની ધાર પર રાખનાર મહામંત્રીઓ પૈકી સંજય જોષી અને સુરેશ ગાંધી જેવા પ્રભાવક અગ્રણીઓનો એકડો કાઢી નંખાયા પછી હવે એને ફરી ચેતનવંતુ કરવાની જરુર ઊભી થઈ છે. એક તબક્કે પાર્ટી શંકરસિંહ વાઘેલાનો મુકાબલો કરી શકે એવા કાઠિયાવાડી ક્ષત્રિય તથા રાજય સરકારમાં પણ સફળ કામગીરી બજાવી ચૂકેલા આઈ.કે. જાડેજા અથવા પ્રદીપસિંહનું નામ ચર્ચાતું હતું. એ બેઉ કરતાં સિનિયર અને લગભગ અજાતશત્રુની ભૂમિકામાં રહેલા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પાર્ટીનું સુકાન સોંપી પ્રજાને સંકેત પણ આપી શકાય એમ હતો કે આ વિનમ્ર 'બાપુ'ભવિષ્યમાં મુખ્યમંત્રીપદના દાવેદાર પણ હોઈ શકે છે. પરંતુ પાર્ટી માટે પાટીદાર વોંટબેક સાચવવી જરુરી હોઈ મનસુખ માંડવિયા જેવા યુવાન અગ્રણીનું નામ ચિત્રમાં આવી ગયું ત્યાર પછી ખુદ મુખ્યમંત્રી પણ આ નામને લીલી ઝંડી આપી રહ્યાં હોવાની છાપ ઊભી થવા પામી હતી. પાટીદાર આંદોલનની સમાંતરે ઠાકોર સેનાએ પણ કાઠું કાઢતાં આખી બાબત વધુ ગંભીરતાપૂર્વક હાથ ધરાઈ છે એ બધાની વચ્ચે મોદી અને અમિત શાહ બેઉના વિશ્વાસુ ગણાતા સંગઠન ક્ષેત્રે સફળ કામગીરી બજાવી ચૂકેલાં ઉત્તર ગુજરાતના ચૌધરી અગ્રણી શંકરભાઈ ચૌધરીનું નામ પણ રમતું થયું ત્યારથી પ્રદેશ અધ્યક્ષપદ સંગીત ખુરશીની રમતમાં ફેરવાઈ ગયું છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પોતે આ મુદ્દે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સાથે ચર્ચા કરી આવ્યાં છે, પરંતુ આખરી નિર્ણય તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ કરવાના છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે પૂર્વ મુખ્યમંત્રી અને બક્ષીપંચ હેઠળ આવરી લેવાયેલી જ્ઞાતિઓના મસીહા ગણાતા માધવસિંહ સોલંકીના સુપુત્ર ભરતસિંહ સોલંકીની નિમણૂક કરી ત્યારથી ભાજપનાં વર્તુળોમાં બક્ષી જ્ઞાતિઓને સાચવી લઈ શકે એવા સંગઠનના કર્ણધારની શોધ ચાલુ થઈ ગઈ હતી. હવે હાથણી કોના પર કળશ ઢોળે છે તેની થોડાક જ દિવસમોમાં ખબર પડી જશે.

## 'સાહેબ, તમે મારી જિંદગીની દિશા શું બદલવાના હતા? હું સ્કૂલ જઈને શું કરીશ?



**નવાં કલેવર**

નટવર હેડાઉ

ગાંધીનગરાઓ માટે ઘ-પની ચોપાટી કંઈ અજાણ્યું સ્થળ નથી. ભાવનાબેનની પાઉંભાજી હોય કે મદ્રાસી એન્જીનીયરના ઈડલી ઢોંસા અને મેંદુવડાનો સ્વાદ, દાલબાટી, પરોઠા શાક કે ગરમાગરમ બનતા ચાઈનીઝની સુગંધ સ્વાદના રસિયાઓને પોતાના તરફ ખેંચ્યા વિના રહેતી નથી. તો પછી હું તેમાંથી બાકાત કઈ રીતે રહી શકું.

સ્વાદનો આ ચસકો લેવા અવારનવાર હું એ તરફ ખેંચાઈ જાઉં છું. ત્યારે થોડા વર્ષો પૂર્વે એક છોકરો જે આવી પાઉંભાજીની લારી પર કામ કરતો હતો તે હવે શું કરતો હશે તેનો વિચાર આવી જાય છે. અને મારી નજર તેને શોધ્યા કરે છે.

તે દિવસે સાંજનો સમય હતો. ઓફિસથી ઘેર આવ્યા પછી ફ્રેશ થઈ બહાર નીકળ્યો. પત્ની પિયર ગઈ હોવાથી ત્રણચાર દિવસથી મારો આ ક્રમ બની ગયો હતો. ઘ-પનું સર્કલ આવતા જ પાઉંભાજીની તીખી તમતમતી સુગંધ આજે પણ મને એ તરફ ખેંચી ગઈ.

ત્રણ બાજુ કાચની કેબિનેટની સજજ્ લારીમાં એક તરફ પાઉંના બંડલ ગોઠવેલા હતા. તો બીજી તરફની કેબિનેટમાં ટામેટાં, ફુલાવર, લીલા ધાણાં ને બીજાં શાકભાજી દેખાતાં હતા. વચ્ચે સ્ટવ પર મોટા તવામાં પાઉંભાજી બની રહી હતી. તેમાં તીવ્ર મસાલાની સુગંધ મારી ભૂખ ઉઘાડતી હતી.

ચાર ચારની લાઈનમાં પ્લાસ્ટીકની લાલ અને સફેદ રંગની ખુરશીઓ અને તેની વચ્ચે ટેબલો ગોઠવાયેલાં હતાં. એક યુવાન કપલ ખૂણામાં બેઠું ચૂપચાપ પાઉંભાજી સાથે કોઈ જોઈ ન જાય તેમ પ્રેમનો ઈજહાર કરતું હતું. છોકરી કદાચ પહેલી વહેલી આ રીતે બહાર આવી હોય એવું લાગતું હતું. તેવામાં ત્રણ ચાર છોકરાઓ હા...હા... હીહી કરતા આવ્યા. તે પોતાની વાતોમાં મશગુલ હતા. એક તેર ચૌદ વર્ષનો કૃષકીય છોકરો પોતાનામાં હતી તેમાં કરતાં વધુ તાકાત અને વીસ ગણી સ્ફૂર્તિથી એંઠા વાસણ ઉઠાવતો હતો અને ખભે મુકેલા નેપકીનથી ટેબલની સફાઈ કરતો હતો. તેનાં ચહેરા પરનું મંદ મંદ સ્મિત તેના થાકને જાણે હરાવતું હતું. કોણ જાણે કેમ મને એ છોકરા સાથે કંઈક ખેંચાઈ થઈ રહ્યું હતું. આજ જયારે તે મારા ટેબલ પરની પ્લેટો ઉપાઠવા આવ્યો ત્યારે મેં પુછ્યું.

'બેટા તારી ઉંમર તો ભણવાની છે, તેમાં તું અહીંયા'

'તે ફક્ત હસ્યો.'

જો બેટા, તું જાણું છું, આજકાલ શિક્ષણ ઘણું મોંઘું થઈ ગયું છે. પણ હું તારી ફી, ચોપડીઓ, નોટબુકો, કપડાં, બુટ મોજા બધાંની વ્યવસ્થા કરીશ, બસ, તું હા કહી દે, નવા સત્રથી તને કોઈ સારી સ્કૂલમાં એડમીશન કરાવી આપું. તું ચિંતા ન કરતો તારાં માબાપને હું વાત કરીશ. તારી જિંદગીની દિશા જ બદલાઈ જશે.'

'સાહેબ,તમે મારી જિંદગીની દિશા શું બદલવાના હતા? હું સ્કૂલ જઈને શું કરીશ? અહીં કામ કરું છું તો ઘર ચાલે છે. મારો બાપ ડ્રાઈવર હતો. ખુબ દારુ ઢીંચીને ડ્રાઈવિંગ કરતો તેમાં એકસીડેન્ટમાં મરી ગયો. મારી માં બંગલાઓમાં ઘરકામ કરવા જતી વાસણ કપડાં અને કચરા પોતાં કરી અમારું માંડ માંડ ભરણપોષણ કરતી હતી. તેને લકવા થઈ ગયો છે. છેલ્લા છ-સાત મહિનાથી ખાટલાવશ છે. એક જુવાન મોટી બહેન હતી. ખુબ ટાપટીપ કરીને ફરતી, આખો દિવસ અરિસામાં પોતાને જોયા કરતી અને વાળની લટો સંવાર્યા કરતી. તે કોઈની સાથે ભાગી ગઈ. હજુ એક નાની બહેન છે. એ પણ... કહેતાં તે સહેજ અટક્યો. તે લગભગ હાંફી રહ્યો હતો.

'અને હું' એક સાથે તેણે છોડેલા તીરથી લોહીલૂહાણ હતો.

'શું વિચારમાં પડી ગયા. પાઉંપાજી ઠંડી થાય છે.' આજે મારી સાથે આવેલ પત્નીએ મને ઢંઢોળ્યો ત્યારે મારી વિચાર તંદ્રા તૂટી.

'હાં... હાં...' કહેતાં મેં પાઉંપાજીની ડીશ તરફ જોયું. ગરમાગરમ પાઉંપાજીમાંથી તીખી તમતમતી તીવ્ર સુગંધ આવતી હતી.

'લે... લે... તું પણ'

જૂઓ તો ખરા મારી તો અડધી પાઉંપાજી ખતમ થઈ ગઈ. તમે શું વિચારમાં પડી ગયેલા. અને ચારે બાજુ જોતા કોને શોધતા હતા.

હું જેને શોધતો હોત એ હવે નથી. કયાં ગયો હશે? શું કરતો હશે.

'કોણ હતો એ?'

'મને ખબર નથી'

'તેનું નામ ઠામ ઠેકાણું કઈ'

અનુસંધાન પાના નં. ૭ પર

## 'હોમવર્ક' ન કરનાર બાળક ઠોઠ, આળસુ કે જીનિયસ?!!!



**વિચારોના મધુવનમાં**

પ્રો. રાકેશ પટેલ

બાળકો અંગેના કેટલાક જાણવા જેવા સત્ય જે આપણી માન્યતાઓ પર પ્રહાર કરી શકે છે!

- બાળકનો શારીરિક અને માનસિક વિકાસ મહદઅંશે ગર્ભાવસ્થા દરમિયાન થઈ જાય છે.
- દરેક બાળક એક વિશિષ્ટ પ્રકૃતિ સાથે આવે છે. એક સફળ વાલી તરીકે આપણે તેને ઓળખીને વિકસાવવી શકીએ.
- બાળકને મુક્તપણે પોતાનો મત આપવાની છૂટ ન આપનાર માતા-પિતા તેનાથી બહુ દૂર રહી જાય છે.
- બાળકને આકાશ અને વાયુથી વિખૂટાં પાડી તેમના સઘળા આનંદને છીનવી લેવાની પ્રવૃત્તિ શિક્ષણના નામે ચાલે તે યોગ્ય નથી.

ગુરુદેવ ટાગોરને પૂછવામાં આવ્યું કે તમારી દ્રષ્ટીએ જ્ઞાન કોને કહેવાય ? તેમણે કહ્યું કેઃ ' શાળાની અને શિક્ષણ પ્રથાની યાંત્રિકતાએ જ્ઞાન શબ્દની હાંસી ઉડાવી છે. શાળામાં આવતાં બાળકો જાણે અપરાધી હોય તે રીતે તેમને શીખવવામાં આવે છે. એમનો અપરાધ ક્યો ? બીજ ગણિત ભણ્યા વગર , તેમજ ઈતિહાસની તારીખો કંઠસ્થ કર્યા વગર બાળકો માતાના પેટે જન્મ લે તેથી શું બિચારાં અપરાધી ગણાય ? એટલે તો વિચાર કરો કે બાળકો અશિક્ષિત અવસ્થામાં જ શા માટે જન્મ પામે છે' ? તેઓ પ્રત્યુત્તર રૂપે આગળ કહે છેઃ ' મારી માન્યતા એવી છે કે જેનું તેમને જ્ઞાન નથી તેનું જ્ઞાન ધીમે ધીમે મેળવીને આનંદ પામવા માટે જ તેઓ અશિક્ષિત અવસ્થામાં જન્મે છે. એટલે કે તેમના ચિંતનમાં 'જાણવાનો આનંદ'પાયાની બાબત છે'. તેથી જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા કારાવાસની સજા ન બની જાય એ જોવાની આવશ્યકતા પર તેઓ વિશેષ ભાર મૂકે છે.

આપણે કેટલાક વિષયોની અતિ ચર્ચા કરીને તેને બેવડ અને ક્યાંયનાય નથી રહેવા દીધા. જેમાં ધર્મ, ઈશ્વર-અલ્લા, જાતિયતા અને પ્રેમ પણ! હવે શિક્ષણને પણ તે યાદીમાં મૂકવાની જરૂરીયાત ઊભી થયેલી લાગે છે. કેટલાક સત્ય તો આંખે ઉડીને વળગે તેવા છે જે આપણી લાગણી અને બુદ્ધિને પણ હચમચાવવા પૂરતાં છે. જેમ કે, ઈન્ટરનેશનલ નામધારી શાળાઓ! હજી આપણી પાસે ઈન્ટરનેશનલ નામે એવું કશું (શૈક્ષણિક) કામ ન હોય અને ઈન્ટરનેશનલ નામે શાળા ચલાવીએ તે કોઈની નજરમાં કેમ નહીં આવતું હોય? (સરકારશ્રી પણ આ બધા નામોને કેવી રીતે સ્વીકારીને મંજૂરી આપતી હશે?) અમેરિકામાં જતાં બાળકો સૂટ-બૂટમાં જાય તો એ બાબત તાર્કિક છે પણ, જે દેશમાં વર્ષના લગભગ આઠ મહિના ગરમી રહેતી હોય ત્યાં પણ ઈન્ટરનેશનલ પહેરવેશ ? કેટલાં માતા-પિતા બાળકની પ્રકૃતિને ધ્યાનમાં લઈને તેની અભ્યાસની વ્યવસ્થા કરે શકે છે ? (આપણે ઘેટાં-બકરાંનું ઉદાહરણ આપીએ છીએ) બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનો અભરખો કેટલાય બાળકોના ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થચિન્હ પેદા કરી દે છે. (જ્યારે કૉલેજમાં પ્રવેશ માધ્યમના આધારે નહી ગુણાંકનના આધારે થાય છે) રમતના મેદાનો વિનાની શાળાઓ એ મસ્તક વિનાના ધડની ગરજ સારે છે. હાથ-પગ વિનાના એકલા મગજથી જગત ચાલી શકે કરું? ઠંડા વર્ગખંડો જરૂરી છે તો ગરમ ખોરાકની પણ એટલી જરૂર છે. સવારના વહેલા ઉઠીને જતા નાના બાળકોનું પેટ સાફ હોય નહી. શરમને કારણે બાળકો શાળામાં કુદરતી હાજતને રોકી રાખે અને અંતે જગતભરના રોગો બાળક લઈને ફરતું થઈ જાય. પ્રાથમિક શિક્ષણ દસ વાગે ચાલું થાય અને ચાર વાગે પહેલાં પૂર્ણ. પણ તેમાં શાળા સંચાલકોને નુકસાન. પાલી પદ્ધતિ પ્રમાણે ચાલતી શાળાઓને પોતાના નિયમો. ઘરમાંથી બહાર નીકળીને રમતો ન રમતું બાળક ડરપોક બનવાની પૂરી શક્યતા છે. ચીન જેવા દેશ તો સાંજના સમયે ટીવી ઊપર કાર્ટૂન ફિલ્મો પણ બંધ કરી દે છે જેથી બાળકો આળસુ થઈને ટીવી આગળ મંડાયેલા ન રહે. છોકરીઓની સ્થિતિ તો સાવ જ ખરાબ છે. તે તો છોકરી હોવાના નાતે ઘરની દિવાલની અંદર પૂરાઈ જાય છે. કેટલાક દ્રષ્ટીવાન માતા-પિતા દિકરીઓને પોતાની સાથે લઈને નવું-નવું બતાવતાં રહે છે.

આપણે બધાં વ્યવહારમાં 'લોકો કરે છે' તેવાં બધાં કામ એકસરખી રીતે કરીએ છીએ ખરાં ? જેમ કે, કેટલાક લોકો દસ વાગે જમે છે અને કેટલાક બે વાગે! કેટલાક મોટી ડીગ્રી મેળવ્યાં પછી પણ નોકરી ન કરતાં પોતાનો ધંધો જ કરે છે. કેટલાક એમ.બી.એ. કર્યા પછી સાહિત્યકાર બને છે, ઉદાહરણ તરીકે ચેતન ભગત. કેટલાક ખેડૂતો વૈજ્ઞાનિક દ્રષ્ટીથી નવી શોધ કરે છે. (જે કામ 'સૃષ્ટી' નામની સંસ્થા કરે છે.) જો બાળકને પણ સ્વતંત્ર રીતે વિચારીને લાગતું હોય કે હું માત્ર ઉતારો કરીને લખી કાઢું એના કરતાં બોલી જાઉં તો ચાલે ? છેવટે તો પ્રશ્ન સમજશક્તિનો છે. વાસ્તવમાં હવે સમય આવી ગયો છે બાળકને વિકલ્પ આપવોનો. શિક્ષક વર્ગમાં કહી શકે : 'તું અમુક પાઠ કે પ્રશ્ન કેવી રીતે પ્રસ્તુત કરવા માગે છે? લખીને , બોલીને કે કોઈ અન્ય માધ્યમથી'. શક્ય છે કે ચાર મિત્રો મળીને તે ઘટનાને નાટકમાં રૂપાંતરીત કરીને વર્ગમાં પ્રસ્તુત કરે તો પણ ચાલે. પ્રાયોગિક પ્રશ્નો લખવાની જરુરી ખરાં? તે તો પ્રયોગશાળાના માધ્યમથી પૂર્ણ છે. ખાલી જગ્યાઓ બાળકો વર્ગમાં એકબીજાને પૂછીને જ તૈયાર કરી શકે. શિક્ષકમિત્ર માત્ર ધ્યાન રાખે. કેટલાક પ્રશ્નો વર્ગમાં ઊંચા અવાજે સમૂહ ગાન કે અનુરણન કરવાથી કાયમી તૈયાર થઈ શકે. (સંસ્કૃત શ્લોક વગેરે)

પ્રવાસનો અર્થ છેલ્લા વર્ષોમાં બદલાઈ ગયો છે. પ્રવાસ એ મનની બારીઓ અને હૃદયના દરવાજા ખોલવાનો ઉપક્રમ છે. મોટાભાગનો સમય બસમાં જ પસાર કરીને બાદમાં ભોજનની વ્યવસ્થાઓ અને વધેલો સમય કોઈ પ્રસિદ્ધ સ્થાનની ઓળખથી પૂર્ણ થાય. પ્રવાસ પ્રકૃતિમય અને માહિતીથી મંડિત થયેલો હોય તે જરૂરી છે.

નામાંકિત પ્રકૃતિવાદીઓમાં એરિસ્ટોટલ, કોમેનિયસ, રૂસો, બેઝડો, સાલ્સમેન, હર્બટ સ્પેંસર, વિલિયમ મેકડૂગલ, બર્નાડ શો, ગાંધીજી, અને રવિન્દ્રનાથ ટાગોર મુખ્ય છે. મુક્ત અને કુદરતી વિકાસ માટે બાળકને જરૂરી તક આપવી તે શિક્ષકની ફરજ છે. આ પદ્ધતિ બાળકને પ્રત્યક્ષ અનુભવ ઉપર ભાર મૂકે છે. માત્ર પુસ્તકોથી મળેલું જ્ઞાન અધૂરું છે. તે બાળકને ખોટી આત્મપ્રંશસા તરફ દોરી જાય છે. ખરાં સમયે તેને રડવાનો વારો આવે તેવું પણ બની શકે.

શાળાઓમાંથી સાંસ્કૃતિક પ્રવૃત્તિનો ક્ષય થવા લાગ્યો છે. કોઈ સ્વકંઠે ગાઈને કાર્યક્રમ કરતું નથી, માત્ર ટેપ, સીડી કે મોબાઈલનો પ્રયોગ કરીને કાર્યક્રમને હંકારી દે છે. નૃત્ય પણ કોઈ ફિલ્મી ગીતના તાલે જલદી તૈયાર થાય. તેથી લાગતાં-વળગતાં બધાને શાંતિ. બધું ફટાફટ. સર્જનાત્મકતા કે વિચારપ્રક્રિયાને કોઈ સ્થાન નહીં. સંગીતના અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના જાણકાર શિક્ષક મિત્રો કેટલી શાળાઓ પાસે છે? ચાલો ફરી પચીસ વર્ષ પહેલાંની શાળા ખોલીએ જ્યાં કોઈ વ્યવસ્થા નથી. નળીયાંવાળું વિદ્યાલય છે, ધોતી અને પહેરણવાળા ગુરુજી છે, હાથમાં સોટી છે, ઘડીયાં પૂછી રહ્યાં છે અને બાળકો ફાટેલી ચડ્ડીએ ધૂળમાં મોજથી બેઠા છે.

## ઑનલાઈન ઈન્સલ્ટ...!! ઓ લાલ દુપટ્ટેવાલી તેરા નામ તો બતા...!!



**Hello ફ્રેન્ડસ**

સંજય થોરાત

ચૌદવીના ચાંદ જેવી દેખાય છે... અરે, તારા કપડાંની દયા ખા દયાભાભી... તું પાછલા જન્મે શું દેડકી હતી? કાયમ કૂદાકૂદ કર્યા કરે છે... ઓ, આંટી હવે ૪૦ પછી લિપસ્ટીક એટલે બુઢ્ઢી ઘોડી લાલ લગામ... ફુલોંકી રાની, જૂઓં કી મલ્લિકા... ઓય ટૂનટૂનની બહેન... બત્તિ, કહીં પે નિંગાહે કહીં પે નિશાના... ઓ લાલ દુપટ્ટેવાલી તેરા નામ તો બતા... તમે આવી બધી કોમેન્ટ્સ અથવા આનાથીય ખરાબ છોકરીઓ વિશે થતી કોમેન્ટ્સ ઑનલાઈન જોઈ છે? સાચ્ચે, આજકાલ વિવિધ સોશ્યિલ સાઈટ્સ પર યુવાન છોકરાઓ કે સ્ત્રીઓ વિશે એમના દેખાવ, ડ્રેસ કે ઉંમર પર કંઈક કોમેન્ટ્સ થતી જોવાં મળે છે, એને કહેવાય છે 'બૉડી શેમિંગ...'



'બૉડી શેમિંગ' નો સહેલો અર્થ એટલે સ્ત્રીના દેખાવ, બાહ્યરૂપ, ડ્રેસિંગ પરથી એની વાર-તહેવારે મજાક ઉડાવવી, અપમાનિત કરવી... આ વાત અચાનક યાદ કરવાનું કારણ એટલે શ્રીદેવીની છોકરી ખુશી કપૂર સાથે હમણાં જ બનેલી ઘટના... ખુશીએ ગ્લેમર માર્કેટમાં આવવા માટે એનાં ફોટા ખુશી-ખુશી નેટવર્કિંગ પર મૂક્યાં, અને એના વજન બાબતે, આગળ આવેલા પેટ બાબતે અપમાનજનક કોમેન્ટ્સ આવતી થઈ અને ખુશીને એના જવાબ આપવા પડ્યા... સેલિબ્રિટીથી લઈ સર્વસામાન્ય લોકો કોઈ પણ બૉડી શેમિંગની સાણસીમાંથી છૂટી શક્યું નથી...

સેલિબ્રિટી અને એમાંય એક્ટર્સ અને મોડેલ્સના કેસમાં થોડાં ઘણાં પ્રમાણમાં બોડી શેમિંગ ચાલી જાય છે. એનું કારણ એટલું જ કે તેઓ તો સુંદર દેખાવાનાં ધંધામાં લાગેલા છે, સારું દેખાવું એ જ એમની મૂડી છે. બીજું પોતાનાં દેખાવ-ડ્રેસીંગ પર ખૂબ પૈસા અને સમય આપવો એમનાં માટે શક્ય છે. એટલે આવા બોડી શેમિંગની ઘટનાને સેલિબ્રિટી 'ફીડબેક' તરીકે એને માનીએ એ અનુસાર પગલાં લેતા હોય છે.

પણ જો આવી ઘટના સામાન્ય વ્યકતિ સાથે બની તો એના પરિણામો ખરાબ આવે છે. એય 'લંગડા', કે એય 'ઠુંટીયા', એ બત્તી કે પછી આવ્યો 'બાયલો' જેવા શબ્દોથી યુવાનો કે પુરુષો ડિપ્રેશનમાં આવી જાય તો આવી નોટ, આ તો ચાલુ છે, આ તો કેટલાંકને ફેરવે છે, આ તો ઈન્દ્રાણીની જેમ પતિ બદલે છે જેવી કોમેન્ટથી યુવતી-સ્ત્રીઓનું આવી બનતું હોય છે... અને આવી બધી કોમેન્ટ્સ આપણી આસપાસ જ જોવા સાંભળવા મળે છે...

> એક પંખી રોજ 'સળી' ઉપાડીને કરે છે માળો ને,
> એક સાલો માણસ રોજ 'સળી' કરીને પીંખે છે માળો!
> - અંકુર શ્રીમાળી

'એય, બચ્ચન આવ્યો કે દિપીકા પાદુકોણેની બહેન આવી.' જેમ કોમેન્ટ્ ફિલ્મી સૌંદર્યના કલ્પનામાં એ વ્યક્તિને ધકેલે છે. અને પછી લોકો મસ્તીથી મજા લૂંટતા રહે છે... બોડી શેમિંગથી યંગસ્ટર્સનો આત્મવિશ્વાસ ડગી જાય છે, બે-ચાર મિત્રો વચ્ચે અપમાન થવાથી અંદરથી ઘૂંટાતા રહે છે અને આવાં દુઃખી લોકો પછી બદલાની ભાવનાથી બીજાને ઉતારી પાડવાનું કામ કરે છે...

બોડી શેમિંગના કારણે ભણવામાંથી મન ઊઠવા લાગે છે અને કરિયર ડામાડોળ થવા લાગે છે. 'દેખાવ ને નહીં એના ગુણોનો જુઓ' એવું શિખવાડનારો આપણો સમાજ આજે આવી ઘટનાઓ ઈન્ટરનેટ અથવા સોશ્યિલ સાઈટ્સને કારણે આ ખાનગી ન રહેતા જગજાહેર થવા લાગ્યું છે. મોટાભાગે હવે મિત્રોમાં થતી કોમેન્ટ્સ હવે સોશ્યિલ સાઈટ્સ પર થવા લાગી છે... વાત વાળવાની જગ્યાએ હવે વધુ વહેતી થવા લાગી છે.

મિત્રોમાં થતી હલકી કોમેન્ટ્સ કે પુઅર જૉક્સ હવે ઑનલાઈન થવાં લાગી છે. ચાર બહેનપણીઓ વચ્ચે થતી વાતો હવે નેટ ચેટિંગમાં આવતાં 'તારો જાનુ વેલેન્ટાઈનને શું અપાવશે?' એવી કોમેન્ટ્સ બીજે ફરતાં થતાં હકીકતમાં એનો કોઈ જાનુ ન હોવા છતાંય એકાદી છોકરી બિચારી-બાપડી બની જાય છે! હવે, આ ફેસબુક પર આવેલી કોમેન્ટ એમના પુરતી ન રહેતા, એમના ફ્રેન્ડ લિસ્ટનાં બસો જણાં અને એ બસોના બીજા બે હજાર લોકોમાં ફરતી થઈ જાય છે... બીજુ બે-ચાર બહેનપણીમાં થતી કોમેન્ટ્સ ભૂલી જવાય છે, જયારે અહીં તો ડિલીટ થવાની શક્યતા નથી, ભલું થાય તો પાંચ વર્ષ પહેલાંની મેમરી તરીકે ફરી પેલી કોમેન્ટ બ્લિન્ક થાય અને જો એના લગ્ન થયાં હોય તો પેલો 'જાનુ' નડી જાય!

બોડી શેમિંગનો મુદ્દો આટલો જોરશોરથી ચર્ચામાં આવવાનું કારણ એટલે ખુશી કપૂરના ફોટો પર આવેલી કોમેન્ટ્સ, આ કોમેન્ટ્ પર ખુશીએ આપેલી પ્રતિક્રિયા માત્ર વખાણવા જેવી છે. જરા એના શબ્દોમાં જ જોઈએ લઈએ, 'મને મારા ફોટા પોસ્ટ કરવાં ગમે છે, કારણ કે એ મારાં મનગમતા ફોટો છે. એના પરથી હું સારી દેખાઉં છું કે ખરાબ એ નક્કી કરવાનો અધિકાર મેં કોઈને આપ્યો નથી. જેમને બીજાની કિંમત માત્ર એના બાહ્ય દેખાવ પરથી કરવી છે એમને જરાં પોતાનું ય આત્મનિરીક્ષણ કરી લેવું.'

તમને સાચ્ચે જ જેલસી શેની થાય છે? તમે મારા ફોટા જોઈ ફ્સ્ટેટ થાવ છો કે તમે આટલાં સારા ફોટા નથી મુકી શકતા માટે? હું બ્યુટીફૂલ નથી અથવા મારું પેટ બહાર દેખાય છે એનાથી મને કોઈ ફરક પડતો નથી. પણ દેખાવને મહત્વ આપીને જો તમે કોઈનું અપમાન કરતાં હોય કે જાણી જોઈને દુઃખી કરતાં હોય, ત્યારે જ શરમ અનુભવવી જોઈએ, દરેકનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે, અને એ સુંદર જ છે. દરેકને આદર આપો અને એનું જેવું છે એવાં સ્વરુપને પ્રેમ કરો, પણ કોમેન્ટ્સ તો ન જ કરો.

પાછલા વર્ષને સૌએ બોડી પોઝિટીવ્હિટીના વર્ષ તરીકે મનાવ્યું હતું. આ શબ્દને અર્બન ડિક્ષનરીમાં સમાવવો પડ્યો. બોડી શેમિંગના વિરુદ્ધમાં થયેલી ઑનલાઈન ચળવળ... તમે કોઈ પણ આકાર, રંગ કે દેખાવને સ્વીકારો અને એ બાબતે પોઝિટીવ બનો. સ્ત્રીઓ ખાસ કરીને ફેટ ફેમિનિઝમમાં વધુ વગોવાય છે... બોડી શેમિંગમાં છુટાછવાયા કિસ્સા બાદ કરતાં યુવતીઓ જ વધુ ભરાય છે... મજાની વાત જુઓ જે સોશ્યિલ નેટવર્ક પર ફિમેલ માટે અપમાનજનક કોમેન્ટ્સ થાય છે, એ જ મીડિયા પર પોઝિટીવિટીનો પ્રચાર પણ થાય છે!

પહેલાં ફકરામાં લખેલી અને એનાં કરતાંય અભદ્ર, અશ્લીલ કોમેન્ટ્સ, યુવતીઓ માટે પુરષ પ્રધાન સમાજમાં થતી રહે છે. સ્કૂલ-કૉલેજની બેન્ચ પર કે પાનના ગલ્લે થતી ચર્ચાઓ કદાચ એ વર્ગ કે નુક્કડ સુધી સિમિત હતી, છોકરીઓની ઠઠ્ઠામશ્કરી કદાચ એટલામાં પતી જતી. પણ આજે નેટના માધ્યમથી એકાદી હલકી કોમેન્ટ્, વલ્ગર જૉક કે કોઈકના શરીર વિશે થતી અભદ્ર વાતો રાતોરાત ખૂણે ખૂણે ફરી વળે છે. સોશ્યિલ મીડિયા પર જે એક્ટિવ હશે એને તો ખાસ આ વાત ખબર જ હશે. અને એમાંય જો ફિમેલ હશે તો એણે અવશ્ય બોડી શેમિંગને ફેસ કર્યો હશે.

અનુસંધાન પાના નં. ૭ પર